| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૦/૦૯/૨૦૧૮ | | |
| રજુ તારીખ | ૧૦/૦૨/૨૦૨૦ | | |
| ફેસલ તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | મહિનો | દિવસ |
| | ૦૬ | ૦૫ | ૨૫ |

ઉમરગામના એડી. સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ(એ.કે. ડાભી) સાહેબશ્રીની કોર્ટમાં

**<u>ક્રિમીનલ કેસ નં.૪૫૩/૨૦૨૦</u>**

**<u>ભીલાડ પો.સ્ટે. પ્રોહી III ગુ.ર.નં.૨૫૮/૨૦૧૮</u>**

**<u>આંક:-</u>**

ફરિયાદી::- નામદાર સરકાર.

વિરુદ્ધ

આરોપી::-

(૧)... નિલેશભાઈ ઉર્ફે નિલેશ કેવડી રમણભાઈ કોળી પટેલ,

રહે.:-ડાભેલ, કેવડી ફળીયા, નાની દમણ, તાબે દમણ

**એડવોકેટ::-**

ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.ડી. પટેલ

આરોપી તરફે વિ.વ.શ્રી કે.કે. પટેલ

<u>ગુનો:- ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબ...</u>

A K DABHI
04/08/2026

**<u>–// જજમેન્ટ //–</u>**

(૧)... ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ એકબીજાની મદદગારી કરી વગર પાસ પરમીટે આરોપી મનીષ બલ્લુભાઇ પટેલ, રહે.પાતલીયા, નાની દમણ, કમલા વાઇન શોપ સંચાલક માથી તમો આરોપીને કમીશન પર ભારત બનાવટની પરપ્રાંત બનાવટાની વ્હિસ્કી બીયર ભરેલ બાટલીઓ નંગ–૨૯૧૬, કિ.રૂ.૧,૭૪,૦૦૦/– ની આપતા વોન્ટેડ આરોપી નિલેશભાઈ મહેશભાઈ કોળી પટે, રહે. મગરવાડા, મોટી દમણને આપતા તેઓએ પોતાના હવાલાની મહીન્દ્રા XUV નં.એમએચ/૪૮–એસ–૯૧૩૭ કિ. રૂ. ૭,૦૦,૦૦૦/– ની મા ભરી આપતા મનીષભાઈ તથા નિલેશભાઈ નાઓ XUV ના ચાલક તથા બીજા ઇસમ વાહતુક કરી લઇ જતા દરમ્યાન તા.૨૦/૦૯/૨૦૧૮ ના રોજ કલાક ૧૦/૩૦ વાગે મોજે : ભીલાડ, નંદીગામ, ને. હા. નં. ૪૮ રોડ પર પ્રોહીબીશન જથ્થો તથા મહીન્દ્રા XUV ગાડી મળી કુલ કિ. રૂ.૮,૭૪,૦૦૦/– ના મુદામાલ સાથે મુકી ભાગી જઇ પાછળથી પકડાઇ જઇ, જેથી આ કામના ફરિયાદીએ સદર આરોપીની સામે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલી છે.

(૨)... ફરીયાદીની સદર ફરીયાદ ભીલાડ પો.સ્ટે. પ્રોહી III ગુ.ર.નં.૨૫૮/૨૦૧૮ થી નોંધી આ ફરીયાદનાં કામે તપાસ કરનાર અમલદારશ્રીને તપાસ મળતા તપાસ કરનાર અમલદારશ્રીએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ મેળવી, સાહેદોના નિવેદનો નોંધેલ તથા તપાસ કરીને તપાસના અંતે આરોપીની સામે ગુજરાત પ્રોહીબીશન એકટ (જેને હવે ટુંકમાં પ્રોહી.એકટ તરીકે સંબોધેલ છે) ની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨) મુજબના ગુના સબબના પુરતા પુરાવાઓ પડેલ હોય તે બદલનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૩)... ત્યારબાદ આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેના વિદ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ક્રિમીનલ પ્રોસીજર કોડ (જેને હવે પછી ટુંકમાં ક્રિ.પ્રો. કોડ તરીકે સંબોધેલ

છે) ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ મુજબ આ કામના આરોપીની સામે આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી સદર તહોમતનામાની વિગતો સદર કલમની પેટા કલમ–(૨) અન્વયે વાંચી, સંભળાવી, સમજાવીને આંક–૦૪ થી આરોપીનું સ્ટેટમેન્ટ યાને નિવેદન રેકર્ડ કરતા આરોપીએ તેની સમક્ષનાં ગુનાનો ઈન્કાર કરતા આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરીયાદ પક્ષ તર્ફે પુરાવા રજુ માટે રાખવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવતાં આ કામે ફરીયાદપક્ષ તરફે આ કામનાં આરોપીની સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૧૨ | ફરીયાદી મહેન્દ્રભાઈ જીલુભા ગઢવી નાઓની સોગંદ ઉપરની જુબાની |
| (૨) | ૧૩ | ફરીયાદ |
| (૩) | ૧૬ | તપાસ કરનાર અમલદાર અશોકભાઈ ડાહ્યાભાઈ મિયાત્રા નાઓની સોગંદ ઉપરની |
| (૪) | ૨૧ | સાહેદ જલાભાઈ અમરાભાઈ દેસાઈ નાઓની સોગંદ ઉપરની જુબાની |
| (૫) | ૨૨ | સાહેદ યોગેશભાઈ હિમંતભાઈ બારીયા નાઓની સોગંદ ઉપરની જુબાની |
| (૬) | ૨૩ | મુદામાલ રીકવરી પંચનામું |

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી એ ખુલ્લી અદાલતમાં પુરાવો બંધ થયાનું જાહેર કરતા આ કામ આરોપીનાં વધારાનાં નિવેદન માટે રાખી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવા માટે રાખવામાં

આવેલ છે જેમાં આરોપીએ સદર કેસ ખોટો કરેલ હોવાનુ જણાવેલ છે. અને આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપી તર્ફે પુરાવાઓ રજુ કરવાનો હકક પૂર્ણ જાહેર કરી આ કામ આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તર્ફે કરવામાં આવેલ દલીલો સાંભળવામાં આવેલ છે.

<u>–:: ફરીયાદ પક્ષ તરફે ની દલીલો ::–</u>

(૪)... આ કામના ફરીયાદપક્ષના વિ. એ.પી.પી.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે આ કામે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોવાનુ રેકર્ડ પરના પંચનામા થકી તથા સાહેદોની જુબાની થકી પુરાવાર થાય છે. અને આથી આરોપીની સામેનો ગુન્હો શંકાથી પર પુરવાર કરી શકેલા હોવાથી આરોપીને હાલના ગુન્હા માં સજા કરવા અરજ ગુજારેલ છે.

<u>–:: આરોપી પક્ષ તરફે ની દલીલો ::–</u>

(૪.૧)... આ કામનાં આરોપીના વિ.વ.શ્રી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે આ કામે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોવાનુ રેકર્ડ પરના પંચનામા થકી પુરાવાર થતુ નથી. આથી આરોપીની સામેનો ગુન્હો શંકાથી પર પુરવાર કરી શકેલા ન હોવાથી આરોપીને હાલના ગુન્હા માંથી નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૫)... આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફેના વિ.વકીલ શ્રી દ્ધારા કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલા પુરાવાઓ વંચાણે લેતા આ ફરીયાદના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(આરોપીની સામેનો ચાર્જ)

(૧)... શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ એકબીજાની મદદગારી કરી વગર પાસ પરમીટે આરોપી મનીષ બલ્લુભાઈ પટેલ, રહે.પાતલીયા, નાની દમણ, કમલા વાઇન શોપ સંચાલક

A K DABHI
04/08/2026

માથી તમો આરોપીને કમીશન પર ભારત બનાવટની પરપ્રાંત બનાવટાની વ્હિસ્કી બીયર ભરેલ બાટલીઓ નંગ–૨૯૧૬, કિ.રૂ.૧,૭૪,૦૦૦/– ની આપતા વોન્ટેડ આરોપી નિલેશભાઈ મહેશભાઈ કોળી પટે, રહે. મગરવાડા, મોટી દમણને આપતા તેઓએ પોતાના હવાલાની મહીન્દ્રા XUV નં.એમએચ/૪૮–એસ–૯૧૩૭ કિ. રૂ. ૭,૦૦,૦૦૦/– ની મા ભરી આપતા મનીષભાઈ તથા નિલેશભાઈ નાઓ XUV ના ચાલક તથા બીજા ઇસમ વાહતુક કરી લઈ જતા દરમ્યાન તા.૨૦/૦૯/૨૦૧૮ ના રોજ કલાક ૧૦/૩૦ વાગે મોજે : ભીલાડ, નંદીગામ, ને. હા. નં. ૪૮ રોડ પર પ્રોહીબીશન જથ્થો તથા મહીન્દ્રા XUV ગાડી મળી કુલ કિ. રૂ.૮,૭૪,૦૦૦/– ના મુદામાલ સાથે મુકી ભાગી જઇ પાછળથી પકડાઇ જઇ, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨)... શું હુકમ ?

(૬)... ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

(૧)... નકારમાં.

(૨)... આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**મુદ્દા નં.૧::–**

(૭)... હાલના કામે ફરીયાદ પક્ષે આરોપીની વિરુધ્ધ આક્ષેપાયેલ તહોમત મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે સૌપ્રથમ આ કામના આરોપીના પોતાના પ્રત્યક્ષ કબજામાંથી હાલનાં કામનો મુદ્ધામાલ મળી આવ્યા હોવાની હકીકત તથા સદર મુદ્ધામાલ પંચોની હાજરીમાં રીકવર કરેલ હોવાની હકીકત પુરવાર કરવી પડે. જે અનુસંધાને સદર તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફથી હાલના કામે સૌપ્રથમ હાલના કામના ફરીયાદી મહેન્દ્રભાઈ જીલુભા ગઢવી નાઓને આંક– ૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં

આવેલા છે. તેમજ આંક–૨૧ થી સાહેદ જલાભાઈ અમરાભાઈ દેસાઈ તથા આંક–૨૨ થી સાહેદ યોગેશભાઈ હિમંતસિંહ બારીયા નાઓને તપાસવામાં આવેલ છે. આમ હાલના કામે ફરીયાદપક્ષે જે પણ સાહેદ તપાસવામાં આવેલા છે તે પોલીસ સાહેદ છે જેઓએ તેઓની ફરીયાદ, નિવેદન તથા તપાસને અનુરૂપ જુબાની આપેલી છે એટલે કે તેઓએ હાલના કામે રજુ થયેલી આંક–૧૩ વાળી ફરીયાદને સમર્થન મળે તે મુજબની જુબાની આપેલ છે. પરંતુ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૬ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં મજકુર સાહેદનો સમાવેશ રસ ધરાવતા સાહેદમાં થતો હોય રસ ધરાવતા સાહેદની જુબાની સ્વતંત્ર સાહેદની જુબાની ધ્વારા સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓની એક માત્ર જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરૂધ્ધ અનુમાન કરી શકાય નહી તે મુજબની જોગવાઈ ધ્યાને રાખી રેકર્ડ વંચાણે લેતાં કોઈ સ્વતંત્ર સાક્ષી રેકર્ડ પર તપાસેલ નથી. વધુમાં હાલના કામે રેકર્ડ વંચાણે લેતા હાલના કામનો મુદ્દામાલ આ કામના આરોપી પાસેથી રીકવર કરેલ હોવાની હકીકત પણ ફલીત થતી નથી.

એટલે કે હાલના આરોપી પાસેથી મુદ્દામાલ નું એકચુઅલ પઝેશન પુરવાર થતું નથી એટલે કે હાલના કામનો મુદ્દામાલ આ કામના આરોપીએ ધારણ કરેલો હોય તેઓની પાસેથી મળેલો હોય તેવું રેકર્ડ પરથી ફલીત થતું નથી. વધુમાં આ કામે પંચ સાહેદને તપાસવામાં આવેલ નથી. વધુમાં હાલના કામે ફરીયાદપક્ષ તરફે આંક– ૧૫ થી મુદ્દામાલ રીકવરી પંચનામુ રજુ કરેલ છે.

(૮)... વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદો, 2016 0 Supreme(Guj) 2018; The State of Gujarat Versus Yadvendrasing Sardar Surjitsing Jat (Shikh) & Ors. & Ors. નો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પારા નંબર–૧૦ માં નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

-:: Para-10 ::-

> " On overall examination of the evidence on record, it appears that from the seven witnesses examined, five witnesses belonged to police department. Two are independent panch witnesses who have been examined and they have deposed that they were called at police station and they have unloaded the rice bags and boxes containing liquor from the truck and in token thereof, they have signed. The learned Trial Court has recorded the finding that the investigating agency failed to prove conscious possession of aforesaid foreign liquor qua present respondents as well as failed to even carry out the sealing procedure in accordance with the settled guidelines issued so far dealing with such cases are concerned and further also failed to disclose during the investigation the labels indicating the brand of such liquor. However, on perusal of entire evidence on record, this Court finds that while PSI Shri Vaghela received secret information, then, he could not have carried out all the investigations as regards carrying out raid, lodging complaint, carrying out all the investigation and even filing of charge sheet. In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper".

વધુમાં હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી જેથી પણ આ કામના ફરીયાદપક્ષને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આથી હાલના કામે ફરીયાદપક્ષ તરફથી આ કામનાં આરોપી પાસેથી હાલનો મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય આ કામના આરોપીની પાસેથી જ હાલના કામનો મુદ્દામાલ મળ્યા હોવા અંગેની હકીકત માની શકાય તેમ નથી. આથી હાલનાં કામનાં આરોપી વિરૂધ્ધ સદર ગુન્હાનાં

A K DABHI
04/08/2026

કામે અનુમાન કરી શકાય નહી. આમ આ કામે જયારે રીકવરી પુરવાર થતી ન હોય અને મુદ્દામાલનુ પ્રત્યક્ષ કબજો રેકર્ડ પર આવી શકેલ ન હોય તેવા સંજોગોમાં અન્ય સાહેદોને સોગંદ ઉપર તપાસવાથી ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ જણાય આવતુ નથી.

(૯)... આમ, આરોપી પાસેથી હાલના કામે જણાવેલ મુદ્દામાલ મળી આવ્યાનો ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧)... આ કામના આરોપી નામે નિલેશભાઈ ઉર્ફે નિલેશ કેવડી રમણભાઈ કોળી પટેલ, રહે.:–ડાભેલ, કેવડી ફળીયા, નાની દમણ, તાબે દમણ નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ– ૬૫ (એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)... આરોપીના જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

(૩)... આ કામે મુદ્દામાલ પાવતી નં.–૧૬૪/૨૦૧૮ થી કબજે મુદ્દામાલને કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. જો આ કામે મુદ્દામાલ કબજે કરવામાં મુદ્દામાલ વાહન તથા મોબાઈલ ફોન બાબતે સી.આર.પી.સી.ની કલમ–૪૫૧ મુજબ વચગાળાના કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી સી.આર.પી.સી.ની કલમ–૪૫૨ મુજબ યથાવત રાખવાનો હુકમ કરવામાં આવે છે. અને જો આવો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો તે મુદ્દામાલ, તેના અસલ માલીકને યોગ્ય તે વેરીફીકેશ કર્યા બાદ પી.એસ.ઓ. એ પરત કરવો. તથા જો મુદ્દામાલ નિયમ સમયમર્યાદામાં પરત લેવાની માંગણી ન કરવામાં આવે તો સદર મુદ્દામાલનો નિયમ અનુસાર નિકાલ કરવો તથા સરકાર ખાતે ખાલસા કરવાનો આથી હુકમ કરવામાં આવે

છે.

(૪)... આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ– ૪૩૭(એ) મુજબના રૂા.૫,૦૦૦/– ના અપીલ જામીન આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૦૪, માહે–ઓગષ્ટ , સને–૨૦૨૬, ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઉમરગામ.
તારીખ. ૦૪/૦૮/૨૦૨૬. (અમિતકુમાર કેશવલાલ ડાભી)
એડી. સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ, જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,ઉમરગામ.
કોડ નં. જીજે૦૧૨૮૦.

A K DABHI
04/08/2026